
સુરેશ જોષી

# ઉપજાતિ

સુરેશ જોષી

ઉપજાતિ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| ઉપજાતિ | vii |
| ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | viii |
| સર્જક-પરિચય | 1 |
| – | iv |
| અર્પણ | vi |
| હું ખુશ છું | *7* |
| હું ઇન્દ્ર | 10 |
| ના હામ ભીડજે | 12 |
| જન્મદિને | 13 |
| થંભો ઘડી | 16 |
| ઈર્ષ્યા | 19 |
| પુનર્જન્મ | 20 |

| | |
|---|---|
| ઉપકાર | 23 |
| એક રાહ | 24 |
| શણગાર | 25 |
| અજન્તા-ઇલોરા | 26 |
| પ્રણયીની ચાટુ-ઉક્તિ | 28 |
| આખરી યુદ્ધ | 29 |
| માનપત્ર | 30 |
| યુદ્ધં દેહિ | 31 |
| દીક્ષા | 33 |
| ઋતુસંહાર | 34 |
| આજે નથી તું – | 36 |
| લટાર | 37 |
| ખગોળનું અન્તર | 39 |
| મુગ્ધ | 40 |
| ગુલમોર | 42 |
| વારસો | 44 |
| પાનખર | 45 |

| | |
|---|---|
| વિનંતી | 47 |
| પૂર્ણિમા | 49 |
| દર્પણના ચૂરા | 50 |
| હેમન્તનો તડકો | 51 |
| ભીતિ | 53 |
| બાણશય્યા | 54 |
| સ્વૈરવિહાર | 55 |
| બ્લ્યુ પ્રિન્ટ | 58 |
| ચોર | 59 |
| મને થતું કે | 61 |

# ઉપજાતિ

## ઉપજાતિ

**(સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય)**

સુરેશ હ. જોષી

સંકલન: શિરીષ પંચાલ

**(પાંત્રીસ પદ્યરચનાનો સંગ્રહ)**

શિરીષ થવું એ જ જો ભૂલ ગણાય આ વિશ્વમાં
વૃથા જ દોષ કાં અદય માનીને ગ્રીષ્મને?

## 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for

allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોના

પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

He shall eat flowers,
chew honey and spit out gall.
they shall all smile
and love and pity him.
– **Karl Jay Shapiro**

Caught upon a thousand thorns, I sing,
Like a rag in the wind...
Trying to pry from the vest of poetry
The Golden heart of mankind's despair...
I sing,
Afraid of nothing and afraid of everything,
Curtailing joy, withholding irony,
Pleased to condemn contemporaneity
Seeking the reality, skirting
The dangerous absolutes of fear and hope..

–

– Richard Eberhart

# અર્પણ

ઇચ્છા હતી કે કટુ સર્વ ટાળું,
ને સારવીને મધુ માત્ર લાવું;
એવું કરે કોઈક કાલિદાસ,
એની ન મારે ધરવી ય આશ.
તો આવ સાથે મળ્યું તે જ માણીએ,
માધુર્યના સ્વપ્નનું સ્થાન રાખીએ.

# હું ખુશ છું

હું ખુશ છું, બેહદ આજ ખુશ છું,
સાચું કહું, બેહદ આજ ખુશ છું.
    આકાશનો ચંદરવો પુરાણો
જો ચાહતા હો બદલી જ નાંખવા
તો આજ એને બદલી જરૂર
આકાશની સુરત ફેરવીશ,
કાંકે ખરે બેહદ આજ ખુશ છું.
    ક્હો તમે તે કરવા હું રાજી છું:
લાવો લૂછું ચન્દ્રમુખેથી ડાઘ,
એના હજારો અપરાધ માફ.
ક્હેજો તમે ઉર્વશીને બને તો
તૈયાર છું શીખવવા હું આજે
અપૂર્વ કો નૃત્યની ચારુ મુદ્રા,
જે જોઈને ઇન્દ્ર વદે: અહાહા!
    મારે ઉરે જે થડકંત સ્પન્દનો
તે સૌ નવાં પ્રેમમહિમ્નસ્તોત્રો;

ભૂલો જૂનાં પ્રેમનિવેદનો ને
શીખો નવી આ પ્રણયોક્તિઓને.
    શલ્યાતણી આજ કરું અહલ્યા,
સૌન્દર્યરાશિ દઉં, આવ કુબ્જા!
આવે અહીં રાવણરામ બંને
તો મિત્ર એવા કરી નાંખું એમને
કે એકનો સંગ ન અન્ય છોડે!
    હું તોપને હાલરડું ગવાડું,
ને બોમ્બને પુષ્પની વૃષ્ટિ શીખવું,
    મારી ખુશીના જળમાં ઝબોળી
હું નિષ્ઠુરોનાં સહુ પાપ ધોઉં.
    હું પથ્થરોના ઉરમાં જગાડું
સૂતેલ મીઠાં શમણાંની યાદ;
હું પર્વતોને શિશુ શા નચાવું
ખંખેરી ભારેખમ ગર્વભાર.
ક્ષિતિજનો કંચુકીબંધ છોડી
હું પૃથ્વીના યૌવનને પ્રસારું.
    ને સાગરોનાં જળબિન્દુઓને
ઘોળી પીવાડું નવલો અજંપો;
આ કાળનો અશ્વ પલાણી એને
દોડાવું ઉન્મત્ત રવાલ ચાલે.
    હું ખુશ છું, બેહદ આજ ખુશ છું,
માગો ગમે તે, કહું હું તથાસ્તુ.
    ક્હેવા જતાં વાત ખુશી તણી એ,
ક્હેવાતણા માત્ર શ્રમે કરીને,

રે કિન્તુ થાતું કશું દર્દ શેં મને!
તેથી કહું ના કરશો વિલમ્બ,
મારી ખુશીનો પટ ના પ્રલમ્બ!
    હું ખુશ છું. બેહદ આજ ખુશ છું,
સાચું કહું, બેહદ આજ ખુશ છું.

# હું ઇન્દ્ર

હું ઇન્દ્ર, મારે નહિ સ્વર્ગ જોઈએ,
કે અપ્સરાનું નહિ સૈન્ય જોઈએ,
ઝંખું ન કલ્પદ્રુમની હું છાયા,
કે ના શચીની વર કામ્ય કાયા.
    હું ઇન્દ્ર, મારે બસ વજ્ર જોઈએ,
પડ્કારવાને બસ વૃત્ત જોઈએ
    એ વજ્ર કાજે વળી કો દધીચિનાં
રે હાડ મારે નથી માગી આણવાં;
મારાં જ અસ્થિ થકી વજ્ર સજીને
યુયુત્સુ ઊભો હું અધીર થૈને
    મેં વજ્રને માત્ર ન હાથમાં ધર્યું,
અંગાંગ મારું બની વજ્ર છે ગયું:
હું શબ્દ બોલું – અવકાશ કંપતો,
હું પાય માંડું – કચડાય કાળ તો;
મરુદ્ગણો શ્વાસમહીં પુરાયા
ને સૂર્યચન્દ્રો નયને સમાયા.
    શિરાશિરાએ વહી અગ્નિધારા,

સર્વાંગમાં વિદ્યુતના ફુવારા.
નથી નથી ભંગુર મારી કાયા,
એમાં અરે કૈં પ્રલયો છુપાયા!
    હે વૃત્ર! આવી પળ યુદ્ધની હવે,
એને નકાર્યે નહિ કાંઈ પાલવે.
દુર્ઘર્ષ દુર્દાન્ત હું શક્તિ પૂર,
આ ઉર્વશીનાં નથી કૈં નૂપુર!
    તેં ના ધરાનું કણ બાકી રાખ્યું,
સર્વત્ર છાયા તુજ વ્યાપી જોઉં;
તેં માનવીના મનમાં પ્રસારી
વિનાશની લોલુપ જીભ તારી.
    હે વૃત્ર! તું વ્યાપક જો વિનાશ,
તો હું ધરાની છું અનંત આશ;
સાકાર તું દુષ્ટ તણે ઘમંડ,
ભૂલોકનું પૌરુષ હું પ્રચણ્ડ.
    તું આવ, ભીડું તુજને હું બાથમાં,
રે ત્યાં સુધી જંપ મને જરાય ના.
    હું ઇન્દ્ર, કિન્તુ નહીં સ્વર્ગવાસી,
હું તો ધરાનો અદનો નિવાસી;
મારું ન સ્વર્ગે ડગી જાય આસન,
હે વૃત્ર, તારા પર મારું શાસન.

# ના હામ ભીડજે

તને ગણે નાથ તું ચૌદ લોકનો,
રે કિન્તુ પૂછું: કદિ જાણ્યું કે તેં
પાતાળ મારે રુધિરે છ કેટલાં?
    ના તાગવા એ કદિ હામ ભીડજે,
બુદ્‌બુદ શો ક્યાં અટવાઈ જાશે!
    ક્ષીરોદધિની રૂડી શેષ શય્યા,
ત્યાં માણ તું લક્ષ્મીની પાદસેવા.

# જન્મદિને

આજે પ્રભાતે નયનો ખૂલ્યાં ત્યાં
સંદેશ વાંચ્યો કિરણે લખેલો:
'નીહારિકામાં સ્થળ એક ખાલી,
તારું ત્યહીં આસન દીધું ઢાળી.
નક્ષત્રની મંડળીને દિપાવ,
પૃથ્વી તણો ત્યાં મહિમા તું સ્થાપ.'
    માટીતણા આ લઘુ કોડિયામાં
જે જ્યોત લાવ્યો મુજ જન્મ સાથે,
અદ્યાપિ તે જો સ્થિર દીપ્તિવંત
રહી શકી તો નહિ માત્ર મારે
લેવો ઘટે એ યશ, કિન્તુ જેણે
સંકોરી ને સાચવી વાટ એની,
સંરક્ષી દૌરાત્મ્યથી વાયુના ને
ફરી ફરી સ્નેહની ધાર સીંચી
તેને નમું, એ મુજ દીપ્તિસ્રોત્ર.
એનું જ ગાઉં હું મહિમ્નસ્તોત્ર.
    એ તેજના પુંજમહીં વિશાળ

કો આગિયા જેમ ઝબૂકવું ના;
ને સ્થાપવાને મહિમા ધરિત્રીનો
આકાશટોચે જઈ બેસવું ના.
    નીહારિકાનો અતિરેક તેજનો
બુઝાવી નાંખે પળ માત્રમાં જ
નિ:શ્વાસ કો રાક્ષસી આજ એવો
રે સૂસવે પૃથ્વીની વેદનાનો.
    એને અમે રોકી ખડા રહ્યા અહીં,
તેથી જ તો ઝાપટ લાગી ના ત્યહીં.
રે કિન્તુ, એ ના વધુ વાર ચાલશે,
ના એકલું સ્વર્ગ સદા ય રાચશે.
    જે તેજ તે હેં નહિ બંધિયાર,
તોડી જ નાંખે સહુ બાંધી પાળ;
એ તેજ પોતે કરશે જ વિપ્લવ,
એનો હવે સંશય છે જ ના લવ.
    અંધારનો દૈત્ય સહસ્રબાહુ,
ગ્રસી જતો તેજ બધું ય રાહુ!
પરાસ્ત એને કરવો જરૂર,
છો સ્વર્ગ ત્યાં સુધી રહેતું દૂર.
    હું યે લઈને લઘુ દીપ મારો
રહીશ ઊભો દઢતાથી મોખરે,
અંધારના ઘા સઘળા ઝીલીને
પ્રકાશને વજ્ર સમો કરીશ.
ને આખરે એક દિ સ્વર્ગ પૃથ્વી,
ભૂલી બધા ભેદ સુધન્ય પર્વે

ગંઠાઈ જાશે ફરી જ્યોતિલગ્ને
ત્યારે તમે દૂર ન ભાળશો મને.

# થંભો ઘડી

આ લંગડાતો દિન આજ ઊગ્યો,
કોણે અરે ઘા અતિ કારમો ઝીંક્યો?
    પૂર્વે ઉષાનાં નહિ હાસ્યછાંટણાં;
આ તો દિસે રક્તઝરંત છૂંદણાં;
ને સૂર્ય ક્યાં છે? વ્રણ આ ઉઘાડો,
ઢાંકો, અરે ના સહ્યું જાય આ તો!
    ના પુષ્પપુષ્પે ભ્રમરોનું ગુંજન,
આ તો અરે છે અસહાય ક્રન્દન;
પુષ્પો તણી રે મરડાઈ ડોક,
વસન્તનો ઉદ્યમ સર્વ ફોક!
    હવાતણો સ્પર્શ ન આજ શીતળો,
– રોગી શરીરે વીંટળેલ ધાબળો!–
આ તે અરે શો જ્વર તાપ આકરો,
સુકાઈ જાશે નહિ સાત સાગરો?
    રહીરહીને સળકો ઊઠ્યા કરે,
ને પૃથ્વીની પાંસળીઓ ધ્રૂજ્યા કરે,
જોજો, તમારા ધબકાર નાડીના

એ તાલમાં તાલ પુરાવી દે ના.
ને આ જુઓ કાળતણી તમે દશા,
ક્ષણેક્ષણોના ફુરચા ઊડ્યા શા!
કરોડતૂટ્યા સરીસૃપ શો એ
જોઈ રહ્યો છે અતિ દીન દૃષ્ટિએ!
    પ્રસારીને પાંખ પ્રચણ્ડ કો ગીધ,
ટોચી રહ્યું અંગ મુમૂર્ષુ કાળનાં;
ઊડી રહી માંસની પેશીઓ બધે,
એ સાન્ધ્ય શોભા? અહ શી વિડમ્બના!
    ધીમે ધીમે દર્દની કાય વિસ્તરે,
આ વિશ્વ એને અતિ સાંકડું પડે;
જેને તમે કહો શિખરો જ અદ્રિનાં
તે દર્દની નીકળી ખૂંધ માત્ર!
    આ ચન્દ્ર કે કામિનીગણ્ડપાણ્ડુ?
ભૂલી ગયો ભાન, કવિ, તું ગંડુ!
પાકી ગયો સૂર્ય, પરૂ ભરાયું,
પીળો પડ્યો ઘા, નહિ દીર્ઘ આયુ!
    ગર્ભાશયે જે સહુ બાળ પોઢ્યાં
તેને રચી વજ્રદીવાલ રક્ષો,
પેસી જશે જો રજ માત્ર દર્દની
આખી થશે માનવજાત પાંગળી!
    થંભી જજો રે પ્રણયી તમે ય,
સંગોપજો પ્રેમ ઉરે ઊંડાણે;
જો દર્દની સ્હેજ જ આંચ લાગશે
તો પ્રેમની રાખ ન હાથ આવશે!

તને ય ભાઈ કવિ, હું કહું છું:
વાસી જ દે કણ્ઠતણાં કમાડ;
જો સૂર કોઈ છટકી ન જાય,
ને દર્દ ના સંગીત કોરી ખાય!
થંભો ઘડી, ના રહી વેળ ઝાઝી,
બંધાઈ જાશે હમણાં જ ઠાઠડી;
અરે, જુઓ તો તમસાપ્રવાહે
તરી રહ્યાં અસ્થિ, શી વાર લાગી!
કાલે પ્રભાતે કુમળું તૃણાંકુર
તુષારના મૌક્તિકને ઝુલાવતું
ઊંચું કરી મસ્તક ગર્વભેર
ઊભું જુઓ સૂર્ય સમક્ષ જો તમે
તો તો પછી સંશય ના જ રાખજો,
જયધ્વજા એ ફરકી જ માનજો.
છોને પછી સૌ શિશુ ખોલી આંખ,
ઊડ્યા કરે બેસી પરીની પાંખ;
છો ને છકેલા પ્રણયી બધા ય
આશ્લેષની માળ ગૂંથે સદા ય.
ને તું ય ભાઈ કવિ, મિત્ર મારા,
બુલંદ કણ્ઠે જયગાન તારાં
એવાં ગજાવી મૂક, દેવ સ્વર્ગના
દોડે અધીરા ચરણે ધરાના.
થંભો ઘડી, ઘૂમતી પ્રેતછાયા,
રચો પછી સૌ રમણીય માયા.

# ઈર્ષ્યા

આ પંચવર્ષી બીજી યોજનાના
ખડાં અહીં પોષ્ટર હારબંધ;
જોયા કરું અક્ષર – શી અદાથી
છાતી ફુલાવી ગરવા રૂઆબ
કતારમાં વીર સુભટ્ટ શા ખડા!
ઠસ્સો અહો શો, વળી શો દમામ;
હું ખોઈ બેઠો સઘળી જ હામ!
બાળી ગઈ અન્તર મારું ઈર્ષ્યા:
ના આટલી સાર્થકતા ય ભાગ્યમાં?

# પુનર્જન્મ

આ રાત્રિના દ્રાવણમાં દ્રવી દ્રવી
નિ:શેષ મારો લય થાય નિત્ય;
પુનઃ પ્રભાતે તુજ બાહુપાશમાં
સમાઈ પામું નવ જન્મ નિત્ય.
    અંધારની છાલક પ્હેલી વાગતાં
રૂપો બધાં ભાંગી પડે અનેકધા;
આકારહીણી નવલી જ સત્તા,
સ્થાપી દિયે શી નિજની મહત્તા!
    પ્રચણ્ડ એ પ્લાવન ઘૂઘવીને
ભીડે મને નિર્દય ગાઢ રંભણે;
તૂટે તૂટે ઇન્દ્રિયના તટો બધા,
ક્યાં નાંગરું રે મુજ આ વિશિષ્ટતા!
અજ્ઞાત કો હર્ષ મને વધાવે,
ને દુ:ખશૂળો મુજ મર્મ ભેદે;
પળે પળે ભીતિતણી ભૂતાવળો
દોડી જતી પાથરી શ્યામ અંચળો.
    ચૈતન્યનાં સૌ પડ જાય ઊખળી,

આ ‘હું’ બિચારો ક્યહીં જાય રે સરી!
ઘેરી વળે કૈં સ્મૃતિ જન્મજન્મની
સંસ્કાર અધ્યાસની જાળગુંથણી!
    છાયા બધી આખર એ લપાય,
કો શૂન્યમાં સર્વ સરી સમાય;
એ શૂન્યને ક્યાંય ન કેન્દ્રબિન્દુ,
કાંઠા વિનાનો રહી જાય સિન્ધુ!
    અભાવ ને ભાવ ત્યહીં અભિન્ન,
અસ્તિત્વ નાસ્તિત્વની પાળ છિન્ન;
આધેયહીણી નરી વિસ્તૃતિ આ,
નિશ્ચેષ્ટ નિસ્સ્પન્દ પડી અમેયતા!
    ઉચ્છ્વાસ આછો ત્યહીં ક્યાંથી વાય,
ને શૂન્યનું અન્તર ક્ષુબ્ધ થાય;
ચાંચલ્યનો મત્ત જુવાળ ઊછળે,
અરૂપમાં બુદ્‌બુદ રૂપના ઊઠે.
    આ કાળ બેઠો અહિ વાળી સોડિયું
ને ત્યાં ખડો છે અવકાશ રાંકડો;
પેલે ખૂણે ઈશ્વર શું કશું દીસે –
આકાર શા શૂન્ય મહીંથી ઊપસે!
આ વાયુના અશ્વની સુણું હ્રેષા,
વીંઝાય આ વિદ્યુતની નભે કષા;
ગ્રહો તણી મંડળી સુવ્યવસ્થિત,
સ્વેસ્વે મહિમ્ની સહુ છે પ્રતિષ્ઠિત.
    એ સૌ મહીંથી કણ કો અટૂલો
દીસે ઘૂમંતો નિજ કેન્દ્ર શોધતો,

આવી સમાતાં તુજ બાહુપાશમાં
ધારી રહે એ પળમાં જ કાયા!
    અગાધ તાગી તલ તું અરૂપનાં
લાવે મને રૂપતણા કિનારે;
વિક્ષિપ્ત આ મારી સમેટી છાયા
કંડારી દે ઘાટ સુરેખ લીલયા.
    વિલોપ કેરા અતલે જઈને,
હે કોમલાંગી, તુજ બાહુના તટે
આવી ફરી નાંગરું મારી વ્યક્તિતા,
પામ્યો તને તે ગણું શેં ન ધન્યતા?

# ઉપકાર

ઉન્નિદ્ર તારાં નયનોની પાંપણો
જો બીડવા ચાહતી હોય ભાર તો
કરી શકું એ ઉપકાર આજે,
જરૂર હું કેવળ તારી કાજે.
કાં કે ઉરે આ હમણાંનું મારે
કો દર્દ એવું ગયું પેસી ભારે
કે ભાર મારો મુજને જ મારે!
    એ ભારથી પાંપણને બીડી દઉં?
ને સ્વપ્નમાં ક્હે રમતી કરી દઉં?

# એક રાહ

કટાર શી બંકિમ ભમ્મરો ને
ઓષ્ઠાધરે રક્તિમ લોહી શી છટા;
ખુલ્લો મૂકીને ઉદરપ્રદેશ,
બનાવીને ઉન્નત વક્ષદેશ
જોઉં જતી સુન્દરીઓની હાર –
શું અપ્સરાઓ કરતી વિહાર!
    ઘેટાં અને આ બકરાંની હાર,
અંગે લગાડી બહુ રંગ છાપ,
જાણ્યા વિના કે શણગાર શાને
ચાલી જતી જોઉં હું કત્લખાને.
    આ સુન્દરી ને પશુઓની હાર;
બંને જતી જોઉં હું એક રાહ!

# શણગાર

સન્ધ્યા સજે છે શણગાર પશ્ચિમે:
ભાલે ઝગે ટીલડી શુક્ર કેરી,
વર્ણચ્છટાની ધરી કંચુકી ને
નીલામ્બરી ઓઢણી હાથ લીધી
તારા ખચી, નૂપુર પાયમાં સજ્યાં
સમુદ્રની આ ઉછળંત છોળનાં;
નેત્રોત્સવા એ નભને ગવાક્ષે
શશી તણા ઉદયને પ્રતીક્ષે.
    ને આ ય ઊભી શણગાર હ્યાં સજે:
ઘરાકના મુખની લાળ પાનની
એને પગે શો અળતો લગાડતી!
ને રોગનો આ વ્રણ ગુપ્ત શો બન્યો
મોઘો અલંકાર શરીર એને.
એમાં વળી રત્નસમા ઝગી રહ્યા
કીડા બધા પુષ્ટ પરૂ થકી થયા!
એ પિંજરે કેદ કરે પ્રતીક્ષા
ક્યારે કરે આખરી કોઈ શિક્ષા!

# અજન્તા-ઈલોરા

થાપા અહીં કુંકુમના કર્યા તે
પ્રવેશતાં આ ઘરમાં વધૂ બની,
આ ભીંત પે દૂધ તણો હિસાબ;
યાદી પણે છે કપડાંતણી લખી;
આ હાર આખી લખી આંકડાની
ચિરંજીવીએ ગણિતજ્ઞ કો બની!
તારાભણી ક્રોધથી તાક્યું ખાસડું,
દીવાલને અંગ થયો અહીં ઘા!
નિઃશ્વાસ તારા કંઈ આંકી છે ગયા
લાચારીકેરી લિપિઓ હજાર.
    દારિદ્ર્યનું ટાંકણું હાથમાં લઈ
કોર્યાં જમાને કંઈ શિલ્પ આપણાં:
આ આંખની ઊંડી ગઈ બખોલ,
ને હાડકાંની કશી તીક્ષ્ણ ધાર;
આ પાંસળીઓ તણું રે શું સૌષ્ઠવ;
દેવો બની મુગ્ધ જુએ, શું ગૌરવ!
અમે રચ્યાં છે અહીં સાથ સાથે

જુઓ અજંતા વળી આ ઇલોરા-
આ ઓરડીમાં દસ બાય બારની.

# પ્રણયીની ચાટુ-ઉક્તિ

જો સૂર્યને ઊગવું હોય તો ઊગે,
પ્હેલાં જરા આટલું સાંભળી લે;
    મારી શિરામાં ય હજાર સૂર્યો
દાવાનળો લાખ હતા ધખાવતા;
રે કિન્તુ એનાં નયનોની સ્નિગ્ધ
મારી પરે દૃષ્ટિ થતાં જ માત્ર
સૂર્યો બધા ક્યાં ય ગયા બૂઝાઈ
ને ચાંદની શી છલકાઈ શીતળી!
કણે કણે અમૃતનો ફુવારો,
ભાંગી રહી એ ભરતી કિનારો.
    જો સૂર્યને ઊગવું હોય તો ઊગે,
પ્હેલાં જરા આટલું ધ્યાનમાં લે.

# આખરી યુદ્ધ

મરેલ માનાં સ્તન ચાવી થાક્યું
બેઠું અહીં બાળક માર્ગ વચ્ચે
શૂન્યે કશું ભાળતું નિર્નિમેષ.
થીજેલ એ દૃષ્ટિ તણી સરાણે
આવો જરા શસ્ત્રની ધાર કાઢીએ;
ને શાન્તિનું આખરી યુદ્ધ ખેલીએ.

# માનપત્ર

જુઓ, અપાતું અહીં માનપત્ર,
આવો, ન આવે ફરી પુણ્યપર્વ!
આ નોળિયો ડોક ઝુકાવી ઊભો,
ને સાપ આપે લળી હારતોરો!

# યુદ્ધં દેહિ

કહ્યા કર્યું અર્જુનને સદા તેં:
યુદ્ધસ્વ હે ભારત, છોડી ક્લૈબ્ય.
મારે તને યે બસ એ જ ક્હેવું
કે આપજે યુદ્ધ તું એક વાર.
  જે હાથ તારો પૂરતો ગયો ચીર
પાંચાલીને તે દિવસે સભામાં,
તે હાથ તારો ચહું છેદવાને
ના ત્યાં સુધી જંપ મને જરાયે.
થવા દીધી હોત નવસ્ત્ર દ્રૌપદી
જો તેં ભલા, એક જ વાર માત્ર
તો બોલ, હેઠા નહિ શું પડ્યા હતે
દુ:શાસનોના સહુ દુષ્ટ હાથ?
  રે કિન્તુ તું તો પરપીડભંજક!
ભૂલ્યો ન તારો મહિમા, પ્રવંચક!
પૂર્યે ગયો ચીર, ન ભાન રે તને
ખેંચ્યે જશે દુષ્ટ સદાય એને!

થાક્યો હશે એક, ભલે ન તેથી
દુ:શાસનો અન્ય જરા ય થાક્યા.
પાંચાલીનાં વસ્ત્ર હજુ ય ખેંચે
દુ:શાસનો એ, નહિ થંભતા જરા!
થાક્યો દિસે તું પરપીડભંજક!
તેથી કહું કે બસ યુદ્ધ આપ
ને છેદવા દે તુજ દુષ્ટ હાથ.

# દીક્ષા

ઊભા રહો, ચાદર ખોલી માટીની
હું કોળતાં આ બીજને પૂછી લઉં:
અસ્તિત્વ છે આકરી માત્ર શિક્ષા?
કે શક્ય છે સાહસ કેરી દીક્ષા?

# ઋતુસંહાર

બેઠાં હતાં આપણ બે વસન્તે,
અનેક રંગી કુસુમોની સંગે;
તેં ખોલીને કંચુકીબંધ ત્યારે
બતાવ્યું'તું કૌસ્તુભ શું વિરાજતું
વક્ષસ્થળે કોઢનું શ્વેત લાંચ્છન,
કેવી હતી એ ક્ષણ ધન્ય શોભન!
    ગ્રીષ્મે ત્યહીં આમ્રતરુનિકુંજે
ગાવા ગયાં ગોપન ગીત આપણે,
ત્યાં કણ્ઠમાં કોક લપાઈ સૂતો
જાગી ગયો નાગ, શું દંશ દીધો!
ગીતો થયાં અગ્નિની ઝાળ આકરી,
સૂર્યે ય દાઝી ચીસ પાડી કારમી!
    ઇન્દ્રે વહાવ્યાં જળપૂર જ્યારે
વર્ષામહીં, આપણી પાસ ત્યારે
માગ્યાં હતાં બે બસ માત્ર આંસુ;
ને તે છતાં યે બની રે ગયું શું!

આખો ય ગોવર્ધન ધારનારની
વળી ગઈ અંગુલિ અશ્રુભારથી!
    ને યાદ છે તેં શરદે લીધી હઠ
કે નીલિમાનું બસ આંજ અંજન!
ને આંજતાં માત્ર જ એવી ખૂંચી
તારાકણી કે તુજ નેત્ર ધોવા
બે માત્ર અશ્રુ બસ માંગી આણવાં
હું કેટલુંયે રઝળ્યો ભમ્યો અહા!
હેમન્ત આવી હતી કેવી ત્યારે
ડૂમો અજાણ્યો ઉરમાં ભરીને!
ખોળે લઈ થાબડી વ્હાલથી તેં
એનો ઉલેચ્યો સહુ દુ:ખભાર,
આણી મુખે દીપ્તિ કશી સુવર્ણ;
સદૈવ એનો મુજને ય ગર્વ.
    ખરી ગયું પર્ણ પીળું શિશિરમાં
આવી ઝીલાયું મુજ મસ્તકે ને
એ જોઈને તેં કહ્યું'તું મને કે:
'મહેશ્વરે યે નહિ હોત ઝીલ્યો
આ ભાર રે દુસ્સહ જીર્ણતાનો!'
આજે સહું છું સ્મૃતિભાર એકલો!

# આજે નથી તું –

આજે નથી તું અહીં તે જ સારું,
જો હોત તો શું થયું હોત તારું?
    ઢાળ્યું નભે મસ્તક પૃથ્વીને ખભે,
નક્ષત્ર સૌ વિહ્વળ મીટ માંડે;
રે ભેટવાને ધસતા નદી તટો,
પાંખો પસારી ઊડતા શું પર્વતો!
વૃક્ષો તણી આ સહુ મત્ત ડાળીઓ
નાચી રહી છે ગુંથી આંગળીઓ;
આલંગિતાં આજ પ્રકાશછાયા,
પ્રભાવ વિસ્તારતી આ શી માયા!
શી થાત આજે તુજ ગર્વની દશા?
આવી પડી હોત ન બાહુપાશમાં?
    તેથી કહું: તું નથી તે જ સારું,
જો હોત તો શું થયું હોત તારું?

# લટાર

આવો જરા આજ લટાર મારીએ,
વૃક્ષોતણી દીર્ઘ કતાર જોઈએ;
ના બેસવું, થંભવું, બોલવું ય
અસંખ્ય આ વૃક્ષ ગણ્યે જઈએ.
    જો બેસીએ તો સ્મૃતિનીર બેસતાં
બધું બને નિર્મળનીતર્યું અરે!
ને જોવું ના જે બધું સ્પષ્ટ તે બને
વીંધ્યા કરે દૃષ્ટિ સહસ્ર શૂળે!
    ચાલો, જરા એ જળને ડખોળીએ,
આવો, જરા માત્ર લટાર મારીએ.
    ભર્યાં ન સાથે ડગ સાત આપણે
ત્યાં મંડપે લગ્નતણાં ભલે ને!
આવો તમે આજ ખુશીથી આપણે
સાથે ભરીએ ડગ સાતસો હવે;
ને સાતસો એ પગલાંની નીચે
દાબી દઈએ સ્મૃતિઓ હજાર,
ભેદ્યા કરે જે ઉર આરપાર!

ના હોમધૂમે થઈ આંખ રાતી,
ને તો ય આજે કણી કોક તાતી
કોર્યા કરે શારડી શી સદાય;
તેની ન હોઠે જરી વાત લાવીએ,
આવો, જરા માત્ર લટાર મારીએ.
બેઠાં ન'તાં આપણ સામસામે
ને ના ધર્યો'તો પટ યે પુરોહિતે,
ગ્રહ્યો નથી પાણિ ય સર્વ સાક્ષીએ.
આજે થયાં આપણ સામસામે,
વચ્ચે પડ્યો આ પટ દૂરતાનો,
ને હાથને પાંખ ઊગી છતાં યે
સાથે છતાં દૂર રહી જ ચાલીએ,
એ દૂરતાના પટને ન છેદીએ,
અધીર એ હાથની પાંખ કાપીએ.
ચાલો, જરા આજ લટાર મારીએ,
અસંખ્ય આ વૃક્ષ ગણ્યે જઈએ.

# ખગોળનું અન્તર

ક્યારે ન જાણું હળવેથી ગાડી
ચાલી અને અંગુલીઓ ગુંથેલી
આ આપણી બંધ થતાં શિથિલ
ધીમે સરી દૂર થતી ગઈ અને
રહી ગઈ સ્પર્શની માત્ર યાદ!
    શો ઘૂઘવ્યો સાગર દૂરતાનો,
ડૂબ્યા મિનારા; અહ ક્યાં કિનારો!
ભૂગોળનું અન્તર સ્હેજમાં તો
ખગોળનું અન્તર રે બની ગયું

# મુગ્ધ

જોયા કરું મુગ્ધ બની તને હું:
રૂપેરી શોભે તુજ કેશપુંજ
ને એંશી વર્ષો તણી આ કતાર
તેં અંગ ધારી ગણી પુષ્પહાર;
આંખોમહીં સ્વપ્નની દેખું કેડીઓ,
રક્તે હજુ યે ઘૂઘવાટ પૂરનો.
    તું પૌત્રને વાત પરીતણી કહે,
કહેતાં સ્વયં તું પરી શી બની રહે,
અવાજ તારો થડકંત કંપતો,
ઠેકાવતો સાગર સાત, પર્વતો.
પ્હોંચાડતો રાજકુમારી પાસે
ને બાળમુખો ચમકાવતો સ્મિતે.
    એ દીપની સૌમ્ય સુવર્ણ જ્યોત,
ને વાતનું રેશમી રમ્ય પોત!
અંધારકેરા પટપે ભરે તું
અનોખી કો સૃષ્ટિની ચારુ ભાત.
    ના દેખી જ્યારે હતી રે તું ષોડશી,

આજે તને વર્ષ થયાં છ એંશી,
તો યે તને જોઈ હું થાઉં મુગ્ધ,
વાર્ધક્યથી જોઉં તને ન ક્ષુબ્ધ.

# ગુલમોર

આ કોણ આજે
આકાશની નીલ શિલાસરાણે
કાઢી રહ્યું કાળની તીક્ષ્ણ ધાર?
સ્ફુલિંગ જે ઊડી રહ્યા ચતુર્દિકે
ખીલ્યા અહીં તે ગુલમોર થૈને?
　　વારસો
　　આવો, બતાવું તમને હું વારસો:
　　એથેન્સમાં તે દિવસે મને ય
સોક્રેટિસે પ્રેમથી બિન્દુ એક
હેમ્લોકનું દીધું હતું, હજુ તે
વહી રહ્યું છે મુજ રક્તની મહીં.
　　ઇસુ તણો કંટકતાજ મેં ય
ધાર્યો હતો મસ્તક પે ઘડીક;
જુઓ હજુ ઉઝરડા પડ્યા તે
ધારું અલંકારની જેમ ભાલે.
　　ગાંધી અને મેં હજુ માત્ર કાલે
ગોળી ઝીલી સાવ જ ખુલ્લી છાતીએ;

ધીમે જરા, ઘા હજુ તો હશે લીલો,
જુઓ બતાવું, હળવેથી સ્પર્શજો.

# વારસો

આવો, બતાવું તમને હું વારસોઃ
    એથેન્સમાં તે દિવસે મને ય
સોક્રેટિસે પ્રેમથી બિન્દુ એક
હેમ્લોકનું દીધું હતું, હજુ તે
વહી રહ્યું છે મુજ રક્તની મહીં.
    ઇસુ તણો કંટકતાજ મેં ય
ધાર્યો હતો મસ્તક પે ઘડીક;
જુઓ હજુ ઉઝરડા પડ્યા તે
ધારું અલંકારની જેમ ભાલે.
    ગાંધી અને મેં હજુ માત્ર કાલે
ગોળી ઝીલી સાવ જ ખુલ્લી છાતીએ;
ધીમે જરા, ઘા હજુ તો હશે લીલો,
જુઓ બતાવું, હળવેથી સ્પર્શજો.

# પાનખર

જોયા કરું છું અનિમેષ નેત્રે
આ પાંદડાં પાનખરે ખર્યા કરે.
તેમાં વળી નિર્દય વાયુ વાય,
સરી જતી વિશ્વઉરેથી હાય!
નિ:શ્વાસ એનો પટ કો ખસેડે,
છતું થઈ દર્દ અજાણ્યું કો પીડે!
    લાગે મને કે હું છું શાપભ્રષ્ટ,
ગ્રસે મને કાલ કરાલદંષ્ટ્ર;
કો અન્ય લોકે, નહિ જાણું ક્યારે
આવ્યો દઈ કોલ: હું આવું છું, પ્રિયે!
આવી પડ્યો હું સ્મૃતિભ્રંશથી અહીં
ને ત્યાં હજુ એ વિરહે રહી બળી!
    અશ્રુથકી ધૂસર નેત્ર એનાં,
આકાશ વ્યાપી કરતાં પ્રતીક્ષા.
જે પદ્મ હાથે રહી'તી રમાડી
તેની હવે ક્રોધથી તોડી પાંખડી

નખે કરી કચ્ચર આમ ફેંકે
ખર્યા કરે તે અહીં પર્ણ રૂપે.
    જોયા કરું છું અનિમેષ નેત્રે:
આ પાંદડાં પાનખરે ખર્યાં કરે.

# વિનંતી

આ થોરના કંટકની અણીપે
તુષારની સેજ કશી મુલાયમ!
પોઢી રહ્યાં ઇન્દ્રધનુ શિશુસમાં,
એ નિન્દરે ભંગ ન પાડશો, ખમા.
  પ્રથમ અંક: પ્રથમ દૃશ્ય
  ટિંગાડજો ચન્દ્ર અહીં પૂનેમનો
(ના પૂર્વ કે પશ્ચિમ શોધવા જશો,
કાંકે અહીં ના ઝઘડો દિશાનો.)
તારા ય થોડા અહીં વેરી રાખજો;
એકાદ ડાળી ઝૂલતી લતાની,
થોડાંક ફૂલો વળી જો બને તો!
દુષ્યન્ત ક્યાં? ક્યાં ગઈ રે શકુન્તલા?
ભેગાં કરો રે સહુ તૂર્ત ઢીંગલાં!
તૈયાર રાખો દઈ ચાવી પ્રેમીઓ,
થતાં ઇશારો સરકાવી દેજો.
ચાલુ કરો આ સહુ ફૂટલાઇટો;
જોજો, કશો ના વળી જાય ગોટો!

(રે પ્રેમમાં વિઘ્ન હજાર આવે,
કર્યા વિના પ્રેમ છતાં ય ચાલે?)
    એકાદ ગાતી ગીત છો શકુન્તલા:
ટ્રલા ટ્રલા લા ટ્રલલા ટ્રલા ટ્રલા.
ખેંચો હવે આ પડદો, ન વાર,
પ્રેમી અધીરાં, ઉભરાય પ્યાર!
'પ્રિયે!' 'પિયુ!' ચાલુ થયા પ્રલાપ;
કાઢી લિયો પ્રેમનું આપ માપ!

# પૂર્ણિમા

અંધારની નાગણ કાળમુખી,
ઈંડું પણે પૂર્વમહીં મૂકી ગઈ;
એ ફોડીને સર્પ વિશેષ ઝેરીલો
ઘેરી વળી ગ્રાસ કરે સમસ્તનો
તેની પહેલાં જઈ કોઈ એની
નાંખો કરી કચ્ચર ઝીણીઝીણી.

# દર્પણના ચૂરા

જીવી રહ્યો છું થઈ છિન્નભિન્ન,
સાંધી શકાતી નથી કચ્ચરો બધી!
આ બાજુથી ઈશ્વર આવી ઊભો,
સેતાન આવ્યો વળી સામી બાજુથી,
વચ્ચે મને દર્પણ શો ખડો કર્યો!
    સેતાન ચ્હેરો નિજનો જુએ તો
દેખાય એને ભગવાનની છબી!
ને દર્પથી ઈશ્વર દર્પણે જુએ
દેખાય સેતાનનું બિમ્બ માત્ર!
    રોષે ભર્યા બે પછી આથડે શા,
ને થાય આ દર્પણના ચૂરેચૂરા!
છે કોઈ જે આ બધી કચ્ચરોને
સાંધી મને એક અખણ્ડ રાખે?

# હેમન્તનો તડકો

હેમન્તનો આ તડકો સુનેરી,
માયા રચે છે અહીં શી અનેરીઃ
    પીતામ્બરી પામરી ઉર્વશીની
સ્વર્ગે જતાં શું સરીને પડી ગઈ?
પુરૂરવા શો હું ય ભાન ભૂલી
બોલી પડુંઃ માનિની, થોભને જરી!
ધરા સગર્ભા પિયુઅંક પોઢી
સુખે બીડીને નયનો કહી રહીઃ
‘કરો તમે દોહદ પૂર્ણ મારી.’
આકાશનો રેશમી નીલ તાણો
પ્રકાશનો સોનલ લેઈ વાણો
તેથી જ કોઈ કસબી રૂડેરું
ગૂંથી રહ્યો છે પટકૂળ કે શું?
આ પ્રેમીઓ રોષથી બે ભરેલા
બેઠાં કરી પીઠ, લઈ અબોલા;
કોણે ત્યહીં ખણ્ડ સુવર્ણ વસ્ત્રનો

ફેંક્યો અને મંગળ ગાંઠી ગાંઠડી
સાંધી દીધાં લગ્નથી પ્રેમીઓ ફરી?
　　હેમન્તનો આ તડકો હૂંફાળો
લોહીકણે વર્ણ સુવર્ણનો રસે;
આ સૃષ્ટિ કો સૂર્યમુખી સરીખડી
એના ભણી ઉદ્ગ્રીવ નેત્ર માંડે!
　　આ આપણી ભંગુર જંદિગાની,
તેની જ ના એ જયની નિશાની?

# ભીતિ

આ શી અજાણી સળકી ઊઠી ભીતિ?
શું એ થકી પામવી શક્ય મુક્તિ?
    હલે જરી પાલવકોર વાયુએ
અસ્તિત્વના બે ધ્રુવ કમ્પી શેં ઊઠે?
કોઈ જરા નેત્ર નમાવી લે નીચે
નક્ષત્રની કાં ધરીઓ ધ્રૂજી ઊઠે?
ઝંકાર કો ઝાંઝરનો થતાંમાં
બ્રહ્માણ્ડનો રાસ ચગે નસેનસે.
વેણીથકી છૂટી પડેલ કો લટ
આકાશનો રે ફરકાવી દે પટ.
ખરી જતું નેત્રથી અશ્રુ જોતાં
સમુદ્ર સાતે ધસી આવતા કશા!
નિ:શ્વાસ છાનો ઉરથી સરે તો
વંટોળ ઊઠે સહરા વલોવતો!
    આ શી અજાણી સળકી ઊઠી ભીતિ?
આને જ કે આ જગમાં કહે પ્રીતિ?

# બાણશય્યા

મને થયું: લાવ જરા પ્રકાશમાં
આ ઘાવ મારા ધરી જોઉં તો ખરો!
ને જોઉં છું તો – કહું શી રીતે કે
જેને ગણ્યા આજ સુધી ઘનિષ્ઠ,
બોલ્યા સદા જે વચનો સુમિષ્ટ
તે ઝેરપાયા શર તીક્ષ્ણ શા બની
રચી ગયા આકરી બાણશય્યા!
    ને પામવા મેં શરણું નિહાળ્યું
તારાભણી, ત્યાં અહ, મેં શું ભાળ્યું:
    આ તારકોના શર તીક્ષ્ણ કેરી
આકાશમાં સેજ દઈ બિછાવી
અલ્યા ઘનશ્યામ, તને ય કોણે
સુવાડીને આવડી કીધી શિક્ષા?
    તું કોમળો, દર્દ સહી શકીશ?
અલ્યા, કહે, ફેરવવું છ પાસું?

# સ્વૈરવિહાર

દીવાલ કો પોષ્ટર જેમ ધારે
મેં તેમ ધાર્યો બહુ જ્ઞાનભાર;
ઉતારીને એ સહુ ભાર આજે
પતંગિયા શું મન ઊડવા દઉં.
    કો વૃક્ષ નીચે ખરીને પડેલાં
સુકાયલાં પર્ણમહીંથી વાતો
કો સાપની જેમ ધીરે સરી જતો
જોયા કરું વાયુ હું મુગ્ધ થૈને.
    ઉદ્દણ્ડ આ તાડની દર્પમુદ્રા,
ને થોરની ધારસજેલ તીક્ષ્ણતા,
ચમેલી ને જાઈની ઉગ્ર સ્પર્ધા
મને કરે વિસ્મિત એ અનેકધા.
    વાચાળ આ પીંપળ વાયુ સાથે
હાંક્યા કરે કૈં ગપ જે નિરાંતે
તે એકચિત્તે લઉં સાંભળી હું
ને સાંભળીને મનમાં હસ્યા કરું.
વાંકી વળીને મધુમાલતી પણે

છાનું કશું ચમ્પકને કહ્યા કરે;
ને હિજરાતી ખજુરી દૂરે ઊભી
સુણાય ના તેથી જતી બળીઝળી!
    સુગન્ધના ઘેનથી આકળી હવા
આળોટતી પુષ્પતણી બિછાતમાં;
એ અપ્સરાનું ઉપવસ્ત્ર જાણે
સ્નાને જતાં ફેંક્યું ન હોય કાંઠે!
    આ ચાંદનીના લઈ રૌપ્ય તન્તુ
છાયાપટે કોઈની અંગુલિઓ
ગૂંથ્યા કરે ભાત નવી નવી જે
તેમાં બની તન્તુ ગુંથાવવું ગમે.
    ને રાત્રિના કો પ્રહરે કદીક,
જાગી જઈ કાન દઈ હું સાંભળું
આકાશપૃથ્વી તણી ગુપ્ત ગોષ્ટિ,
ને કોશકોશે ઝમતી શી તુષ્ટિ!
    કરી વ્રીડાથી મુખ અંસવર્તી,
કટાક્ષથી માત્ર પિયુ નિહાળતી,
જરાક શા સ્પર્શથી વેપથુમતી
થતી સુખે જોવી ગમે સુધન્યા!
    વર્ષાભીની મેદુર કોઈ સાંજે,
પાસે સરી અંગુલિ ગૂંચવી લટે,
ને નેત્રમાં નેત્ર પરોવી બેસીએ;
છો ને વીતે દર્દુરકૂદકે ક્ષણો!
આરામની બે પળ મેળવીને
કદી ઝરૂખે જઈ એ ઊભી રહે,

ત્યારે જઈ પાછળથી અચાનક
જરાક એને ચમકાવવી ગમે.
    મેં એમ તો એ મુખ જોયું છે સદા,
છતાં કદી જોવું ગમે ફરીફરી
એ દીર્ઘ પક્ષ્મોતણી શ્યામ છાયા
ગોરા કપોલે રચતી શી માયા!
    અર્ધાંક બીડ્યાં નયનો શિશુનાં
નિદ્રા કશી રે ઘૂમરાય એમાં!
સ્વપ્નો તણી જાદુઈ નાવડી બની
એમાં મજેથી તરવું ગમે મને.
    સ્વર્ગે ભલેને મળ્યું હોય આસન,
જો કિન્તુ કોઈ શિશુકેરું આનન
આશ્ચર્ય આનન્દથી ત્યાં હસી ઊઠે
તો દોટ મૂકી અહીં આવવું ગમે.

# બ્લ્યુ પ્રિન્ટ

ફૂલેલ ભૂરું શબ બહાર કાઢ્યું;
ટોળું ત્યહીં લોકનું ઊભરાયું.
‘બેકાર કો, ભૂખથી મુક્તિ મેળવી,
જડી ગઈ આખર જુક્તિ કેવી!’
એ દેહ ભૂરો નિરખી મને થયું:
બ્લ્યુ પ્રિન્ટ આ આવતી કાલની શું?

# ચોર

જોયા કરું હું મધરાતને સમે
એ આવતો ચોરપગે લપાતો
ને મારી પાસે શિશુ પોઢતું જે
તેના પગેથી રજ સંપુટે લઈ
ચાલ્યો જતો તુષ્ટ થઈ સ્વધામે.
    મેં એકદા હાથ ધરી લીધો ને
રોકી પૂછ્યું: 'માખણચોર, આ તને
લાગી નવી શી લત ચોરવાની?'
એ ઓશિયાળો થઈને મને કહે:
    'બેઠી લઈ રૂસણું સત્યભામા:
'ના પારિજાતે મન રીઝતું હવે;
લાવી દિયો સૌરભ એવી કે જે
ના નન્દને યે કદિ કોઈને મળે.'
    હું ચૌદ લોકે બહુ શોધતો ફર્યો
ને તો ય ક્યાંયે નહિ તુષ્ટ હું થયો.
    ત્યાં આ ધરાપે શિશુપાદલગ્ન
રજે મને વિહ્વળ સૌરભે કર્યો.

હું રોજ આવી કરું તેથી અર્ચના
એનું કરે તિલક સત્યભામા!'
મને થતું કે –

# મને થતું કે

તારા બધા સાંભરીને નભેથી
કો તુંબડીમાં ભરી કાંકરા શા
જરા મજેથી ખખડાવી જોઉં;
    ફુગ્ગો રૂપેરી શશીનો ફૂલ્યો આ,
તેમાં જરા નાનું શું છિદ્ર પાડી
હવા બધી રોફની કાઢી નાંખું;
    હઠાવીને આ બુરખો સુનેરી
જોઈ લઉં સૂર્યની સાચી જે છબી
ને પોલ એની બધી બહાર પાડું!
સમુદ્ર કો ઠોઠ નિશાળિયા શો
ગોખ્યા કરે એકની એક વાત
એને દઉં અક્કલ, શીખવું નવું!
    પુષ્પોતણા કાનમહીં કહી દઉં;
આ રંગગંધે નહિ ભોળવાશો,
ક્રાન્તિતણા રે ધ્વજ છો તમે તો!
    મને થતું કે –
જોઉં તને ત્યાં અહ શો દયામણો

આ સાંભળીને તુજ થાય ચ્હેરો!
તેથી બધી ગમ્મત માંડી વાળું
ને હાથ જોડી તુજને પૂજ્યા કરું.